# FAQ NHFDC

**પ્રશ્ન : ૧** અરજી કોણ કરી શકશો ?

જવાબ : ગુજરાત રાજ્યનો વતની હોવો ફરજીયાત છે.

- ૪૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા હોવા જોઇએ.
- ઉંમર ૧૮વર્ષ થી ઉપર વય મર્યાદા ધરાવતા હોવા જોઇએ
- લાભાર્થી દ્વારા રેશનકાર્ડમાં ૧ થી વધુ દિવ્યાંગજન હોય ત્યારે તેમા કોઇ ૧ લાભાર્થી અરજી કરવા પાત્ર રહેશે.
- U.D.I.D બસ પાસ તથા ડાં.સટી QR કોર્ડ વાળું હોવું જોઇએ
- લાભાર્થી રાષ્ટ્રીયકૃત બેંકમાં બચતખાતું અને ચેકબુક ધરાવતો હોવો જોઇએ.
- અન્ય સરકારી ધિરાણ લીધેલ હોય તો જે બાબતનું “ના વાંધા પ્રમાણપત્ર” સાથે અરજી કરવી.

**પ્રશ્ન : ૨** લોન મેળવવા અરજી કરેલ તેનું શું થાય ?

જવાબ : આ બાબતે જિલ્લા મેનેજરશ્રી જિલ્લા કચેરીનો સંપર્ક કરવો.

**પ્રશ્ન : 3** લોન અરજી મંજુર થયેલ છે કે કેમ ?

જવાબ : આ બાબતે જિલ્લા મેનેજરશ્રી જિલ્લા કચેરીનો સંપર્ક કરવો.

**પ્રશ્ન : ૪** લોન અરજી ના મંજુર ક્યા કારણોસર કરવામાં આવી છે ?

જવાબ : આ બાબતે જિલ્લા મેનેજરશ્રી જિલ્લા કચેરીનો સંપર્ક કરવો.

**પ્રશ્ન : ૫** અરજી મંજુર થયેલ હોય તો ધિરાણ ક્યારે મળશે ?

જવાબ : આ બાબતે જિલ્લા મેનેજરશ્રી જિલ્લા કચેરી અથવા ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરનો સંપર્ક કરવો.

**પ્રશ્ન : ૬** ધિરાણ મેળવવા માટે ક્યા ક્યા ડોક્યુમેન્ટ મુકવાના છે ?

જવાબ : નીચે મુજબના લોન ડોક્યુમેન્ટ કરવાના થાય છે.

૧.વચનચિઠ્ઠી ૨.લોન એગ્રીમેન્ટ ૩.બાહેંધરી પત્રક

૪.મંજુર થયેલ લોનના રૂ.૦.૨૫% લેખે સ્ટેમ્પ પર ગીરોખત.

**પ્રશ્ન : ૭** કેટલા અને કેવા પ્રકારના જામીન આપવાના છે ?

જવાબ :

- સરકારી/અર્ધસરકારી કચેરીમાં નોકરી કરતા કર્મચારી

અથવા

- રૂ.૧,૦૦,૦૦૦/- થી વધુના ધિરાણમાં બે જામીન આપવાના રહેશે.
- ધિરાણની રકમની દોઢગણી રકમની સ્થાવર મિલકત ધરાવતી વ્યક્તિ (સ્થાવર મિલકતના સંદર્ભમાં બોજો નોંધ કરાવવાની રહેશે.)
- લાભાર્થીએ દસ પોસ્ટ ડેટેડ ચેક આપવા રહેશે.

**પ્રશ્ન : ૮** ધિરાણની મુદ્દત કેટલા સમય સુધીની રહેશે ?

જવાબ : લોન મંજુર થયેથી ૧૦ વર્ષના માસિક હપ્તામાં લોન ભરપાઇ કરવાની રહેશે.

**પ્રશ્ન : ૯** લાભાર્થીને કોઇ ફાળો આપવાનો રહેશે ?

જવાબ : મંજુર થયેલ લોનની રકમના ૫% ફાળો લાભાર્થીએ આપવાનો રહેશે.

**પ્રશ્ન : ૧૦** લાભાર્થીએ વીમો લેવો જરૂરી છે ?

જવાબ : હા, NHFDC ની માર્ગદર્શિકા મુજબ.